## બોરસીમાં ગેરકાયદે ઝીંગા તળાવોનાં દબાણો દૂર કરાયાં

**સરકારી** જમીન પર વિશાળ તળાવો તૈયાર કરી દેવાયાં હતાં



નવસારીઃ જલાલપોર તાલુકાના દરિયાકાંઠાના બોરસી ગામે સરકારી જમીન પર ગેરકાયદે રીતે વિકસાવવામાં આવેલા ઝીંગા ઉછેરના તળાવો સામે જિલ્લા તંત્રે કડક કાર્યવાહી હાથ ધરી છે. લાંબા સમયથી ચાલી રહેલી ફરિયાદો અને પ્રાથમિક તપાસ બાદ વહીવટી તંત્રની સંયુક્ત ટીમે સ્થળ પર પહોંચી સરકારી જમીનને દબાણમુક્ત બનાવી હતી.

મળતી માહિતી મુજબ બોરસી ગામની સરકારી માલિકીની જમીન પર નિયમો અને જરૂરી મંજૂરીઓ વિના ઝીંગા ઉછેર માટે મોટા તળાવો તૈયાર કરવામાં આવ્યાં હતા. આ અંગે વિવિધ સ્તરે રજૂઆતો થતાં જિલ્લા વહીવટી તંત્ર હરકતમાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ નાયબ કલેક્ટર, મામલતદાર, જમીન દફતર વિભાગ, ફિશરીઝ વિભાગ, પર્યાવરણ વિભાગ અને પોલીસ તંત્રની સંયુક્ત ટીમ દ્વારા સ્થળનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

કલાકો સુધી ચાલેલી કામગીરી દરમિયાન જેસીબી મશીનો વડે ગેરકાયદે રીતે બનાવાયેલા ઝીંગા તળાવો નષ્ટ કરવામાં આવ્યાં હતા. કાર્યવાહી દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો. દરિયાકાંઠાના વિસ્તારોમાં છેલ્લા કેટલાક વર્ષોથી ઝીંગા ઉછેરના નામે સરકારી અને ગૌચર જમીનો પર દબાણ થવાની ફરિયાદો વચ્ચે બોરસીમાં થયેલી આ કાર્યવાહી મહત્ત્વની માનવામાં આવી રહી છે.

## વલસાડમાં પાંચ મહિનામાં જ ૧૩૫૫ ઈ-વ્હીકલ વેચાયાં

**પેટ્રોલના** વધતા ભાવ તેમજ ઈવીનાં વાહનોની કિંમતમાં ૨૦ ટકાનો ઘટાડો થતાં ખરીદી વધી

### મે માસમાં ખરીદીનો ગ્રાફ સૌથી ઊંચો

તા.૧ જાન્યુઆરીથી જ લોકોનો ઝુકાવ ઇવી તરફ વધ્યો હોવાનું સામે આવ્યું છે. વલસાડ જિલ્લા પ્રાદેશિક પરિવહન કચેરીના આંકડા મુજબ, ચાલુ વર્ષે પહેલી જાન્યુઆરીથી મે સુધીના ટૂંકા ગાળામાં જ જિલ્લામાં કુલ ૧૩૫૫ ઇલેક્ટ્રિક વાહનોની નોંધણી થઇ ચૂકી છે. છેલ્લા પાંચ મહિનામાં EV ખરીદીનો સૌથી ઊંચો ગ્રાફ વડાપ્રધાનની અપીલ બાદ મે મહિનામાં જોવા મળ્યો હતો.

વલસાડઃ વલસાડ જિલ્લાના નાગરિકો હવે ઈલેક્ટ્રિક વ્હીકલ (EV)ને પહેલી પસંદગી બનાવી રહ્યા છે. ગત વર્ષે ૨૦૨૫માં ૧૯૭૯ ઈલેક્ટ્રીક વાહનો વેચાયા હતાં. જેની સાથે ચાલુ વર્ષે જાન્યુ. થી મે સુધીના માત્ર પાંચ જ માસમાં ૧૩૫૫ ઈવી વાહનોનું વેચાણ થયું છે.

વલસાડ જિલ્લા આરટીઓ અધિકારી નિકુંજ ગજેરાએ જણાવ્યુ કે, રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ઈલેક્ટ્રીક વ્હીકલ ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાઈ રહ્યું છે. લોકો પેટ્રોલ-ડિઝલના વાહનોને બદલે ઈવી તરફ વળે તે માટે તા. ૧ એપ્રિલ ૨૦૨૫થી તા. ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી ઈવી વાહનો પર રોડ ટેક્સ માત્ર એક જ ટકા લેવાઈ રહ્યો હતો, પરંતુ ઈવી વાહનોની માંગ વધતા અને પ્રજાને મોંઘવારીનો માર સહન ન કરવો પડે તે માટે રાજ્ય સરકાર દ્વારા માત્ર એક ટકા રોડ ટેક્સ ભરવાની મુદ્દત લંબાવીને તા. ૩૧ માર્ચ ૨૦૨૭ કરવામાં આવી છે. જ્યારે પેટ્રોલ ડિઝલના વાહનો પર ૬ ટકા રોડ ટેક્સ આરટીઓ કચેરી દ્વારા વસૂલવામાં આવે છે.

બલીઠા સ્થિત ઈકો ઈન્ડિયા ઈલેક્ટ્રોમેક પ્રા.લિ.ના ડિરેક્ટર મનિષ પાટીલ જણાવે છે કે, ઈલેક્ટ્રીક વાહનોની ખરીદીમાં જીએસટી, ઈમ્પોર્ટ ડ્યુટી, અન્ય લાભો મળી કિંમતમાં ૨૦ ટકાનો ભાવ ઘટાડો કર્યો છે, આ સિવાય બ્રાન્ડેડ કંપનીની ઈવી બાઈક અને મોપેડ રૂ.૧ થી રૂ.૧.૫૦ લાખ સુધીમાં મળે છે જ્યારે નવી ઉભરતી મેન્યુફેક્ચર કંપનીઓ દ્વારા રૂ.૫૦ હજારથી રૂ.૭૦ હજાર સુધીની કિંમતમાં ઈવી વાહનો વેચાણ માટે મુકાઈ રહ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વાપી રેલવે સ્ટેશનેથી મહિલાનો મોબાઈલ ચોરનાર ઝડપાયો



વાપીઃ વાપી રેલવે સ્ટેશન પર મુસાફર મહિલા સૂતેલી હતી. જે તકનો લાભ તસ્કરે ઉઠાવ્યો હતો અને મોબાઈલ ફોન ચોરી કરી પ્લેટ ફોર્મ નં.1 તરફ જઈ રહ્યો હતો. આ ઘટનાક્રમ વાપી રેલવે સ્ટેશન પર લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી, જેના આધારે ભીમકુમાર રૂદલ રામ (ઉં.21, રહે. બિહાર)ને ઝડપી પાડી તેની પાસેથી બે મોબાઈલ ફોન મળ્યા હતા અને તે ફોન ચોરી કરેલો હોવાનું જણાવ્યું હતું. પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

### ધરમપુરમાં ૫૦ હજારના ગાંજા સાથે બે ઝડપાયા



વલસાડઃ ધરમપુર પોલીસે ગાંજાના જથ્થા સાથે બેને ઝડપી પાડ્યા છે.
પોલીસે દરોડા દરમિયાન ચાની દુકાન ચલાવતા ૧૯ વર્ષીય સાગર ભોલાભાઇ પટેલને ૧.૦૦૨ કિલોગ્રામ ગાંજાના જથ્થા સાથે રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યો હતો. રૂપિયા ૫૦,૧૦૦ના ગાંજા સાથે પોલીસે કુલ રૂપિયા ૭૫,૧૩૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. પૂછપરછમાં સહ-આરોપી કેતન હસમુખભાઇ ચૌધરી (ઉં.વ૨૩) નું નામ સામે આવતા પોલીસે તેને દબોચી લીધો હતો. આ ગાંજાનો જથ્થો મંગાવનાર સ્થાનિક યુવક હાર્દિક ઉર્ફે રમતુ નવીનભાઇ અટારા હતો, જ્યારે આ જથ્થો સપ્લાય કરનાર મહારાષ્ટ્રના જાહુલી ગામનો 'બાબા' નામનો ઇસમ છે. બંનેને વોન્ટેડ જાહેર કરાયા છે.

### ભદેલી જગાલ ગામેથી જુગાર રમતા 7 પકડાયા

વલસાડઃ વલસાડ રૂરલ પોલીસે ભદેલી જગાલ ગામની હિંગળાજ આંબાવાળી ખુલ્લી જગ્યામાં જુગાર રમતા સાત ઇસમને રંગેહાથ ઝડપી પાડી રૂ. ૬,૫૬૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપીઓમાં ઉમેશ ઈશ્વરભાઈ ટંડેલ, ધર્મેશ ગોવિંદભાઈ ટંડેલ, અજયકુમાર ધનસુખ ટંડેલ, મહેન્દ્રકુમાર હરીભાઈ ટંડેલ, નરેશકુમાર ડાહ્યાભાઈ ટંડેલ, રાકેશકુમાર ભગવાનભાઈ ટંડેલ અને કિશનભાઈ મગનભાઈ ટંડેલ (તમામ રહે., હિંગળાજ ફળિયા, ભદેલી જગાલ, તા.જિ. વલસાડ)નો સમાવાશે થાય છે. પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ઉમરગામના ગાંધીવાડીમાં ઘરમાં અચાનક આગ લાગી




ઉમરગામઃ ઉમરગામ નગરપાલિકા ગાંધીવાડી સાંકેત નગર વિસ્તારમાં સવારે ચાલીના એક મકાનમાં અચાનક આગ લાગવાની ઘટના બની હતી. શરૂઆતમાં ઘરના અને પડોશીઓએ પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબૂ મેળવવાનો પ્રયાસો કર્યા હતો પરંતુ આગ કાબૂમાં ન આવતા ઉમરગામ નગરપાલિકાના ફાયર ફાયટરને જાણ કરતાં તેઓ દોડી આવી પાણીનો મારો ચલાવી આગ ઉપર ગણતરીના સમયમાં જ કાબૂ મેળવી લીધો હતો. આગ લાગી ત્યારે ઘરમાં કોઈ પરિવારના સદસ્યો હાજર ન હતા અને બધા નોકરીએ ગયા હતા.

### દમણના કડૈયા મુખ્ય રસ્તા પર બે કાર સામસામે ભટકાઈ



દમણઃ દમણના કડૈયા મીરાસોલ નજીક મુખ્ય માર્ગ પર રવિવારે રાત્રે સુરત પાસિંગની ભૂરા રંગની અલ્ટો કાર (નં. GJ-05-JS-1786) અને વલસાડ પાસિંગની કાળા રંગની કિયા સેલ્ટોસ કાર (નં.GJ-15-CR-4856) વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અથડામણ બાદ બંને કારચાલકો વચ્ચે થયેલી ઝઘડો થતાં વાહનવ્યવહાર પણ પ્રભાવિત થયો હતો. ડૈયા પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર આવી બંને કારચાલકોને સમજાવી વાહનોને માર્ગની એક બાજુ ખસેડાવ્યા હતા.

### વાપી મન્સુરી સમાજનું ગૌરવ



વાપીઃ કલોજી નારાયણરાવ યુનિવર્સિટી ઓફ સાયન્સ- તેલંગણા સંલગ્ન ડેક્કાન કોલેજ ઓફ મેડિકલ સાયન્સ-હૈદરાબાદ કોલેજમાં અભ્યાસ કરતી મન્સુરી રોઝમીનબાનુ બશીર (હાજી સલીમ) એ એપ્રિલ 2026 માં MBBS ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. મન્સુરી સમાજમાં ડોક્ટર બનનારી રોઝમીનબાનુ સમાજની પ્રથમ દીકરી છે. રોઝમીનબાનુ તેમની આ સિદ્ધિનો સમગ્ર શ્રેય તેમનાં માતાપિતાને આપે છે. શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ પ્રાપ્ત કરનાર અશરફભાઈ ચુડાસમાએ રોઝમીનબાનુની સિદ્ધિ માટે તેમને અભિનંદન આપ્યા હતા.

### VIAના સ્ટ્રીટ ફોર ઓલ કાર્યક્રમનું નાણાં મંત્રીના હસ્તે ઉદઘાટન



વાપીઃ વાપી ઇન્ડસ્ટ્રીઝ એસોસિએસન દ્વારા સતત સાતમી વખત સ્ટ્રીટ ફોર ઓલ કાર્યક્રમનું સેવા ભાવિ સંસ્થા સાથે રવિવારે સવારે આયોજન કરવામાં આવ્યું હતું. વાપીમાં આ કાર્યક્રમનું નાણા મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે ઉદ્ઘઘાટન કરવામાં આવ્યું હતું. 102 થી વધુ રમતો કર્યક્રમમાં મુકવામાં આવી સાથે ડીજે અને ઝુંબા ડાન્સમાં લોકો મન મૂકીને ઝૂમ્યા હતા. આ પ્રસંગે વાપી VIA પ્રેસિડન્ટ સતિષભાઈ પટેલ સાથે વાપી VIAના સભ્યો તથા વાપી ભાજપ શહેર પ્રમુખ મનીષભાઈ દેસાઈ અને નાગરિકો, યુવાનો અને મહિલાઓ, બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વિવિધ રમતોનો આનંદ માણ્યો હતો.

## સરકારી કચેરીઓના આઉટસોર્સ કર્મચારીઓના વેતન મુદ્દે અસંતોષ

**પ્રશ્નોને** લઈને રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી

નવસારીઃ નવસારી જિલ્લાના વિવિધ સરકારી વિભાગોમાં આઉટસોર્સિંગ વ્યવસ્થા હેઠળ કાર્યરત કોમ્પ્યુટર ઓપરેટરોની સ્થિતિ અંગે ચિંતાજનક મુદ્દાઓ સામે આવ્યા છે. કર્મચારીઓને મળતા વેતન, શ્રમિક હકો અને સેવા સંબંધિત સુવિધાઓ અંગે ઉઠેલા પ્રશ્નોને લઈને રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે સરકારી કચેરીઓમાં નિયમિત કામગીરી સંભાળતા કેટલાક આઉટસોર્સ કર્મચારીઓને તેમની કામગીરીની તુલનામાં ખૂબ ઓછું વેતન ચૂકવવામાં આવી રહ્યું હોવાનું કહેવાય છે. હાલની આર્થિક પરિસ્થિતિ અને વધતી મોંઘવારી વચ્ચે મળતું વેતન કર્મચારીઓ અને તેમના પરિવારના જીવનનિર્વાહ માટે પૂરતું ન હોવાનું રજૂઆતમાં દર્શાવવામાં આવ્યું છે.

સાથે જ, કર્મચારીઓને મળવાપાત્ર કેટલીક કાયદેસર સુવિધાઓ, જેમ કે ભવિષ્ય નિધિ (PF), સમયસર પગાર ચુકવણી અને અન્ય લાભોના અમલીકરણ અંગે પણ સવાલો ઉઠાવવામાં આવ્યા છે. રજૂઆતકર્તાના જણાવ્યા અનુસાર, આ બાબતોની તટસ્થ તપાસ કરાવી વાસ્તવિક સ્થિતિ જાહેર કરવી જરૂરી બની છે. આ મામલે રાજ્ય સરકાર, જિલ્લા વહીવટી તંત્ર અને સંબંધિત અધિકારીઓને રજૂઆત મોકલી કર્મચારીઓના હિતોની સુરક્ષા માટે અસરકારક પગલાં લેવા અપીલ કરવામાં આવી છે. સાથે જ, સરકારી વિભાગોમાં લાંબા સમયથી ફરજ બજાવતા આઉટસોર્સ કર્મચારીઓ માટે વધુ પારદર્શક અને ન્યાયસંગત વ્યવસ્થા ઉભી કરવાની માંગ પણ કરવામાં આવી છે.

## નવસારીના વિવેકાનંદ સ્વિમિંગ પુલની જાળવણી સામે સવાલો

**પુલમાં** ટાઈલ્સ સાથે અથડાતાં શખ્સને ઈજા, તપાસની માંગ



નવસારીઃ નવસારી મહાનગરપાલિકા સંચાલિત સ્વામી વિવેકાનંદ સ્વિમિંગ પુલની જાળવણી, સુરક્ષા વ્યવસ્થા અને પાણીની સ્વચ્છતા અંગે ફરી એકવાર પ્રશ્નો ઊભા થયા છે.

પ્રાપ્ત માહિતી મુજબ, સ્વિમિંગ માટે આવેલા એક વ્યક્તિને પુલમાં તરતી વખતે ટાઈલ્સ સાથે અથડાતા ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. જોકે, આ ઘટનાની સત્તાવાર વિગતો અને તેના સંજોગો અંગે તંત્ર તરફથી કોઈ જાહેર નિવેદન સામે આવ્યું નથી. આ ઘટનાના પગલે પુલની અંદર ઉપયોગમાં લેવાયેલી ટાઈલ્સ, તેની સ્થિતિ અને નિયમિત જાળવણી અંગે ચર્ચા શરૂ થઈ છે. જાહેર ઉપયોગ માટેની રમતગમતની સુવિધાઓમાં સુરક્ષા ધોરણોનું કડક પાલન થવું જરૂરી છે. જો કોઈ ભાગ ક્ષતિગ્રસ્ત હોય અથવા તેના કારણે અકસ્માતની શક્યતા ઊભી થતી હોય તો સમયસર મરામત અને દેખરેખ જરૂરી બની જાય છે. બીજી તરફ, કેટલાક તરવૈયાઓ અને સ્થાનિકોએ સ્વિમિંગ પુલના પાણીની ગુણવત્તા અંગે પણ ચિંતા વ્યક્ત કરી છે. તેમના જણાવ્યા મુજબ પાણીની નિયમિત સફાઈ અને ફિલ્ટરેશન વ્યવસ્થા અંગે વધુ ધ્યાન આપવાની જરૂર છે. જોકે, આ દાવાઓની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી.

સ્થાનિકોમાં એવી માંગ ઊઠી રહી છે કે મહાનગરપાલિકા દ્વારા સમગ્ર સ્વિમિંગ પુલની તકનીકી તપાસ કરાવવામાં આવે અને સુરક્ષા તેમજ સ્વચ્છતા સંબંધિત તમામ માપદંડોની સમીક્ષા કરવામાં આવે. જો તપાસ દરમિયાન કોઈ પ્રકારની બેદરકારી, જાળવણીમાં ખામી અથવા નિયમોના ઉલ્લંઘન સામે આવે તો જવાબદાર અધિકારીઓ અથવા એજન્સીઓ સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવે.

જાહેર નાણાંથી સંચાલિત અને નાગરિકોના ઉપયોગ માટે ઉપલબ્ધ આવી સુવિધાઓમાં સુરક્ષા અને ગુણવત્તા જળવાઈ રહે તે તંત્રની જવાબદારી છે. હવે જોવું રહ્યું કે મહાનગરપાલિકા આ મુદ્દે શું પગલાં ભરે છે.

## આલીપોર ઓવરબ્રિજ નીચે ડમ્પરે મોપેડસવાર મહિલાને કચડી નાંખી

ઘેજઃ ખલીના થાલા ગામે આલીપોર ઓવરબ્રિજ નીચે મીની હાઈવા ચાલકે મોપેડસવાર મહિલાને અડફેટે લેતાં તેનું મોત નીપજ્યું હતું. બનાવની પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી નદી મહોલ્લા ખાતે રહેતી સોનલબેન પ્રકાશભાઈ હળપતિ (ઉં.વ.૪૨) તથા કોમલબેન નિતીનકુમાર હળપતિ સાથે એક્ટિવ મોપેડ (નં. જીજે ૨૧ ડીઈ ૮૬૬૦) લઈને સુરત ખાતે જઈ રહ્યાં હતા. દરમિયાન થાલા ગામે આલીપોર ઓવરબ્રિજ નીચે પહોંચતા એક ટાટા મીની હાઈવા (નં. જીજે ૧૫ એક્સએક્સ ૩૫૯૮) ના ચાલકે પૂરઝડપે હંકારી લાવી મોપેડને ટક્કર મારતા સોનલબેન પાછળના ટાયરમાં આવી જતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. ચીખલીની હોસ્પિટલમાં ખસેડાતા ફરજ પરના તબીબે સોનલબેનને મૃત જાહેર કર્યા હતા. પોલીસે ટ્રકચાલક વિરુધ્ધ અકસ્માત અંગેનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સાયબર ફ્રોડના આરોપીઓને 4 દિવસનાં રિમાન્ડ

નવસારીઃ નવસારી સાયબર ક્રાઈમ પોલીસે બે આરોપીની ધરપકડ કરી કરોડો રૂપિયાના શંકાસ્પદ નાણાકીય વ્યવહારોના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. કોર્ટમાં રજૂ કરાયેલા મુખ્ય આરોપી લખવિન્દર પાજી અને તેના સાગરિત અક્ષય પટેલના ચાર દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. રિમાન્ડ દરમિયાન સમગ્ર નેટવર્ક અંગે પોલીસે તપાસ તેજ કરી છે. જયપુરનો રહેવાસી લખવિન્દર પાજી મુખ્ય સૂત્રધાર હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. એક વર્ષ પહેલાં સુરતથી નવસારી આવી મિત્ર અક્ષય પટેલના સંપર્કમાં આવેલા લખવિન્દરે તેને પણ આ પ્રવૃત્તિમાં સામેલ કર્યો હતો.

## ફ્રેન્ડશીપ માટે દબાણ કરી યુવકનો યુવતી પર ચપ્પુથી હુમલો

**વાપી** ડુંગરા પોલીસે સલવાવના યુવકની અટકાયત કરી

વાપીઃ વાપી નજીકના વિસ્તારમાં રહેતી 21 વર્ષીય યુવતી પર ફ્રેન્ડશીપ રાખવા માટે દબાણ કરી યુવક દ્વારા ચપ્પુથી હુમલો કરાતા વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો.

મળતી માહિતી મુજબ, યુવતીને સલવાવ ગામમાં રહેતા ઉદય જગદીશ નાયક (ઉં.વ.22) સાથે છેલ્લા એક વર્ષથી મિત્રતા હતી. જોકે, કોઈક કારણસર યુવતીએ તેની સાથે વાતચીત અને સંપર્ક બંધ કરી દીધો હતો. ત્યારબાદ ઉદય નાયક વારંવાર યુવતી પર ફરીથી મિત્રતા જાળવી રાખવા માટે દબાણ કરતો હતો, ગત તા. 7 જૂનના રોજ યુવતી વાપી નજીકના છરવાડા વિલા બંગલા રોડ પરથી પસાર થઈ રહી હતી. ત્યાં ઉદય નાયકે ફરીથી ફ્રેન્ડશીપ રાખવા માટે દબાણ કર્યું હતું. યુવતીએ ઈનકાર કરતાં યુવક ઉશ્કેરાઈ જઈ તેની આબરૂ લેવાના ઈરાદે હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. ચપ્પુ વડે યુવતીના બંને હાથ પર ઉપરાછાપરી ઘા ઝીંકતા તે ઈજાગ્રસ્ત બની હતી. સમગ્ર ઘટનાને લઈને યુવતીએ વાપી ડુંગરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી ઉદય નાયકની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

## નવસારીમાં પૂર્વ માલિક સામે યુવતીનો દુષ્કર્મનો આક્ષેપ

**સિવણકામના** વેપારી સામે ફરિયાદ

નવસારીઃ નવસારી શહેરમાં એક યુવતીએ પોતાના પૂર્વ માલિક સામે ગંભીર આક્ષેપો કરતાં દુષ્કર્મ, ધાકધમકી અને સતત હેરાનગતિ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે નવસારી ટાઉન પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પોલીસને આપવામાં આવેલી ફરિયાદ મુજબ, 24 વર્ષીય યુવતી શહેરના સત્તાપીર વિસ્તારમાં આવેલી એક સીવણકામની દુકાનમાં કામ કરતી હતી. નોકરી દરમિયાન દુકાન માલિકે યુવતીને પોતાના નિવાસસ્થાને બોલાવી તેની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, પ્રથમ ઘટના બાદ આરોપી દ્વારા અલગ-અલગ બહાનાઓ હેઠળ યુવતીનો સંપર્ક જાળવી રાખવામાં આવ્યો હતો અને અનેક પ્રસંગોએ તેની સાથે શારીરિક સંબંધ બાંધવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. યુવતીનો આરોપ છે કે સમગ્ર સમયગાળા દરમિયાન તેના પર માનસિક દબાણ ઊભું કરવામાં આવતું હતું.

યુવતીએ પોલીસને જણાવ્યું છે કે નોકરી છોડ્યા બાદ પણ આરોપી દ્વારા વારંવાર ફોન કોલ, મેસેજ અને સંપર્કના પ્રયાસો ચાલુ રહેતા આખરે તેણે પરિવારને સમગ્ર હકીકત જણાવી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ હાલ કેસની તપાસ ચાલી રહી હોવાથી ફરિયાદમાં કરવામાં આવેલા આક્ષેપોની સત્યતા અંગે અંતિમ નિષ્કર્ષ તપાસ પૂર્ણ થયા બાદ જ સ્પષ્ટ થશે.

## દાદરા નગર હવેલીનાં ચાર બાળક ટ્રેનમાં બેસી બીલીમોરા પહોંચી ગયાં

**ઘરેથી** કહ્યા વગર નીકળી ગયેલાં બાળકોને બીલીમોરા રેલવે પોલીસે પરિવારને સોંપ્યાં

બીલીમોરાઃ બીલીમોરા રેલવે આઉટ પોસ્ટ પોલીસને ઉધના બાંદ્રા એક્સપ્રેસ ટ્રેન આવી પહોંચતા આગળના જનરલ કોચમાં ચાર ગભરાયલા બાળકો નજરે પડ્યા હતા. જોકે તેઓ સાથે કોઈ વાલીવારસો ન હોય બીલીમોરા રેલવે આઉટ પોસ્ટ પોલીસે ચારેય બાળકને ટ્રેનમાંથી ઉતારી ચોકી પર લઈ જઈ પ્રેમપૂર્વક તેઓના નામ ઠામ અને હકીકતો જાણી હતી. જેમાં આ બાળકો દાદરા નગર હવેલીની વિજયભાઈની ચાલમાં રહેતા હોવાનું તેઓએ પોલીસને જણાવ્યું હતું. બાળકોને પ્રેમપૂર્વક વધુ પૂછપરછ કરતાં તેઓ ઘરેથી કોઈને પણ કહ્યા વગર ભાગી આવી વાપી થી ટ્રેનમાં બેસી આવી ગયાનું જણાવતા તમામ બાળકોને વલસાડ રેલ્વે પોલીસ સ્ટેશન ખાતે લઈ જઈને દાદરા નગર હવેલી પોલીસ અને રેલવે પોલીસને બાળકોના ફોટા પાડી જાણકારી આપતા વાલીવારસો વલસાડ રેલવે પોલીસ સ્ટેશનને આવી જતાં પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું હતું.

## રબર સ્પીડ બમ્પની 'સુવિધા' કે 'દુવિધા'!

**અનેક** સ્થળોએ બમ્પના બોલ્ટ બહાર નીકળી જતાં જોખમી બન્યાં

**લોકોની** રજૂઆતો બાદ મેયર અશોક ધોરાજીયાએ સમીક્ષા કરી સૂચના આપી, બમ્પ દૂર કરવાની તૈયારી



નવસારીઃ નવસારી શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ચર્ચાનો વિષય બનેલા રબરના સ્પીડ બમ્પ હવે તંત્ર માટે માથાનો દુખાવો બન્યા છે. વાહનચાલકો અને સ્થાનિક રહેવાસીઓ તરફથી સતત મળતી ફરિયાદો બાદ શહેરના અનેક માર્ગો પર લગાવવામાં આવેલા આવા બમ્પ દૂર કરવાની પ્રક્રિયા શરૂ થવાની શક્યતા છે.

નાગરિકોનું કહેવું છે કે ટ્રાફિક નિયંત્રણના હેતુથી લગાવવામાં આવેલા આ રબર બમ્પ વ્યવહારિક રીતે અસુવિધા અને જોખમનું કારણ બની રહ્યા હતા. અનેક સ્થળોએ બમ્પના બોલ્ટ બહાર નીકળી જતાં વાહનોને નુકસાન પહોંચવાના બનાવો સામે આવ્યા હતા, જ્યારે દ્વિચક્રી વાહનચાલકો માટે અકસ્માતની સંભાવના પણ વધી ગઈ હતી. વૃદ્ધો, દર્દીઓ અને સગર્ભા મહિલાઓ માટે તો આ માર્ગો પરની મુસાફરી વધુ કષ્ટદાયક બની રહી હતી. આ મુદ્દે લોકોની રજૂઆતો બાદ મેયર અશોક ધોરાજીયાએ તંત્રને સમગ્ર વ્યવસ્થાની સમીક્ષા કરીને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હોવાનું જાણવા મળે છે. લોકહિતને પ્રાથમિકતા આપતા આ નિર્ણયને શહેરમાં સકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે.

બીજી તરફ, શહેરમાં એવી ચર્ચા પણ ચાલી રહી છે કે અગાઉના વહીવટી સમયગાળા દરમિયાન અમલમાં મુકાયેલા કેટલાક પ્રોજેક્ટ અને નિર્ણયો હવે ફરી મૂલ્યાંકનના કેન્દ્રમાં આવી રહ્યા છે. પૂરતી ચકાસણી અને જનસુવિધાના પરિપ્રેક્ષ્યમાં વિચાર કર્યા વગર અમલમાં મૂકાયેલા કેટલાક કામો અંગે હવે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. સ્થાનિકોમાં ચર્ચા છે કે શહેર વિકાસના નામે કરાયેલા કેટલાક ખર્ચાળ પ્રયોગો હવે જનતાની સુવિધા કરતાં અસુવિધાનું કારણ બની રહ્યા છે, જેના કારણે વર્તમાન શાસકોને તેમાં સુધારા કરવા પડી રહ્યા છે. રબરના સ્પીડ બમ્પનો મુદ્દો પણ તેવા જ ઉદાહરણોમાંનો એક ગણાઈ રહ્યો છે.